પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૫ | ૧૬ એપ્રિલ, ૨૦૧૯, મંગળવાર; ચૈત્ર સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# વર્લ્ડકપ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત

**ભારતીય ક્રિકેટ ટીમમાં કાર્તિક, વિજયને તક : ઋષભ પંતની જગ્યાએ દિનેશ કાર્તિકને વધારે પ્રાધાન્ય મળ્યું : ટીમમાં વિજય શંકર અને કેએલ રાહુલનો સમાવેશ : અંબાતી રાયડુને પડતો મુકાયો : ટીમમાં ત્રણ ઓલરાઉન્ડ, ત્રણ ફાસ્ટ બોલર, ત્રણ સ્પિનરોનો સમાવેશ : ભારતીય ટીમ પાંચમી જૂનના દિને આફ્રિકા વિરૂદ્ધ પ્રથમ મેચ રમશે**

મુંબઈ, તા.૧૫

૩૦મી મેથી ઈંગ્લેન્ડ અને વેલ્સમાં શરૂ થઈ રહેલા વર્લ્ડકપ માટે આજે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરવામાં આવી હતી. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો. ટીમમાં ધારણા પ્રમાણે જ ઋષભ પંતને સામેલ કરવામાં આવ્યો નથી. ઋષભ પંતની જગ્યાએ ટીમમાં બીજા વિકેટકીપર તરીકે દિનેશ કાર્તિકને સામેલ કરવામાં આવ્યો છે. બીસીસીઆઈની પસંદગી સમિતિની બેઠક આજે મુંબઈમાં યોજાઈ હતી જેમાં તમામ પાસાઓ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવ્યા બાદ નિર્ણય લેવામાં આવ્યો હતો. ભારતીય ટીમમાં કેએલ રાહુલ, દિનેશ કાર્તિક અને વિજય શંકરને સામેલ કરવામાં આવ્યા છે જ્યારે અંબાતી રાયડુને સામેલ કરવામાં આવ્યો નથી. ટીમના કેપ્ટન તરીકેની જવાબદારી વિરાટ કોહલી પાસે છે જ્યારે વાઈસ કેપ્ટન તરીકેની જવાબદારી રોહિત શર્માને સોંપવામાં આવી છે. ભારતીય ટીમમાં કોઈ વધારે ફેરફાર કરવામાં આવ્યા નથી. ૧૫ ખેલાડીઓ પૈકી ૧૩ ખેલાડીઓના નામ પહેલાથી જ નક્કી દેખાઈ રહ્યા હતા. ટીમમાં બે સ્થાનોને લઈને મુખ્ય સ્પર્ધા ચાલી રહી હતી. નંબર ચાર પર અંબાતી રાયડુ અને વિજય શંકર વચ્ચે સીધી સ્પર્ધા હતી જેમાં વિજય શંકરે બાજી મારી લીધી છે. આવી જ રીતે



ટીમમાં બીજા રિઝર્વ વિકેટકીપર તરીકે અનુભવી દિનેશ કાર્તિક અને દિલ્હીના યુવા ખેલાડી ઋષભ પંત વચ્ચે સીધી સ્પર્ધા હતી પરંતુ પસંદગીકારોએ દિનેશ કાર્તિક પર વધારે વિશ્વાસ મુકયો છે. આઈપીએલમાં શાનદાર ફોર્મમાં આવી ચુકેલા રાહુલે પણ ટીમમાં જગ્યા બનાવવામાં સફળતા મેળવી છે. વર્લ્ડકપમાં જોરદાર ઈરાદા સાથે ઉતરી રહેલી ભારતીય ક્રિકેટ ટીમ ત્રીજી વખત વિશ્વકપ જીતવા માટે પ્રયાસ કરશે. આ પહેલા ભારતીય ક્રિકેટ ટીમે કપિલ દેવના નેતૃત્વમાં ૧૯૮૩ અને ત્યારબાદ મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં ૨૦૧૧માં વર્લ્ડકપ જીતવામાં સફળતા મેળવી હતી. આ વખતે વર્લ્ડકપ રાઉન્ડ રોબિન તરીકાથી રમાડવામાં આવશે.

**ટીમ ઈન્ડિયા**

૧. વિરાટ કોહલી (કેપ્ટન)
૨. રોહિત શર્મા (વાઈસ કેપ્ટન)
૩. શિખર ધવન
૪. કે.એલ. રાહુલ
૫. વિજય શંકર
૬. મહેન્દ્ર સિંહ ધોની (વિકેટકીપર)
૭. કેદાર જાધવ
૮. દિનેશ કાર્તિક
૯. યુઝવેન્દ્ર ચહલ
૧૦. કુલદીપ યાદવ
૧૧. ભૂવનેશ્વર કુમાર
૧૨. જસપ્રીત બુમરાહ
૧૩. હાર્દિક પંડ્યા
૧૪. રવિન્દ્ર જાડેજા
૧૫. મોહમ્મદ શમી.

# યોગીને ૭૨, માયાને ૪૮ કલાક પ્રચાર નહીં કરવા હુકમ

**સુપ્રીમની ફટકાર બાદ ચૂંટણી પંચનો આદેશ : વિવાદાસ્પદ નિવેદનને લઇને ચૂંટણી પંચ દ્વારા કાર્યવાહી**

ન્યુ દિલ્હી,તા.૧૫

આચાર સંહિતાનો ભંગ કરવાના મામલામાં ચૂંટણી પંચે આખરે લાલ આંખ કરી છે. પંચે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને બહુજન પાર્ટીના પ્રમુખ માયાવતીના પ્રચાર પર પ્રતિબંધ લગાવી દીધો છે. યોગી આદિત્યનાથ પર ૭૨ અને માયાવતી પર ૪૮ કલાક સુધી પ્રચાર નહીં કરાવનો પ્રતિબંધ લગાવ્યો છે.

આ પ્રતિબંધ દરમિયાન યોગી આદિત્યનાથ અને માયાવતી ના તો કોઈ રેલી કે સભાને સંબોધી શકશે કે ના તો સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી શકશે. આ સિવાય તેઓ કોઈ ઈન્ટરવ્યૂ પણ નહીં આપી શકે. ચૂંટણી પંચનો આ પ્રતિબંધ ૧૬મી એપ્રિલે સવારે છ વાગ્યાથી શરૂ થશે. ચૂંટણી પંચના નિર્ણયથી સ્પષ્ટ થાય છે કે યોગી આદિત્યનાથ ૧૬, ૧૭ અને ૧૮ એપ્રિલે કોઈ પ્રચાર નહીં કરી શકે. તેમજ માયાવતી ૧૬, ૧૭ એપ્રિલે કોઈ ચૂંટણી પ્રચાર નહીં કરી શકે.

બાસપા અધ્યક્ષ માયવતીએ ઉત્તર પ્રદેશના દેવબંધમાં ચૂંટણી સભા દરમિયાન મુસ્લિ સમુદાયના લોકો પાસે મતની અપીલ કરી હતી. માયાવતીએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે મુસ્લિમ સમુદાય પોતાના વોટમાં ભાગલા ન પાડે અને ફક્ત માહાગઠબંધનને વોટ આપે. માયાવતીનું આ નિવેદન ધર્મના નામ પર મત માંગવાના નિયમનું છડેચોક ઉલ્લંઘન છે.

તો ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોદી આદિત્યનાથે પોતાના એક સંબોદનમાં માયવતી પર હુમલો કરતા કહ્યું હતું કે જો વિપક્ષને અલી પસંદ છે તો અમને બજરંગ બલી પસંદ છે. બંને નેતાઓના આ નિવેદનની ચૂંટણી પંચે નોંધ લીધી અને ટકોર કરી હતી.

# આઝમખાન અભદ્ર નિવેદન બદલ ફસાયા

**આઝમ સામે કેસ દાખલ : નોટિસ પણ અપાઈ : સમાજવાદી પાર્ટીના નેતા આઝમ ખાનની સામે કેસ દાખલ કરી કાર્યવાહી**

નવી દિલ્હી,તા. ૧૫

લોકસભા ચૂંટણી માટે રાજકીય ઘમસાણની સ્થિતિ વચ્ચે ભાજપના ઉમેદવાર જયાપ્રદાની સામે અશ્લિલ ટિપ્પણી કરવાને લઈને સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ નેતા આઝમ ખાનની મુશ્કેલી વધી રહી છે. આઝમ ખાનની સામે આ નિવેદનને લઈને કેસ દાખલ કરવામાં આવી ચુક્યો છે. બીજી બાજુ રાષ્ટ્રીય મહિલા પંચે કઠોર વલણ અપનાવીને કારમદર્શક નોટિસ આપી છે. કોંગ્રેસ પાર્ટીએ પણ આઝમ ખાનની સામે ચૂંટણી પંચ અને સપાના અધ્યક્ષ અખિલેશ યાદવ સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે. કોંગ્રેસે પણ આઝમ ખાનની આપત્તિજનક ટિપ્પણીની નિંદા કરીને અખિલેશ અને આઝમ સામે કાર્યવાહીની માંગ કરી છે. પાર્ટી પ્રવક્તા અભિષેક મનુ સિંઘવીએ ટ્વિટ કરીને કહ્યું

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

**મહેબુબા મુફ્તીના કાફલા પર હુમલો**

જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી મહેબુબા મુફ્તીના કાફલા પર પત્થરોથી હુમલો થયો હોવાના સમાચારો મળ્યા છે. આ હુમલો એ સમયે કરવામાં આવ્યો જ્યારે તેઓ ખિરમ દરગાહથી પરત ફરી રહ્યા હતા. આ હુમલામાં તેમને કોઈ ઈજા થઈ નથી.

**અભિનેતા રવિકિશન ગોરખપુરથી લડશે**

ભારતીય જનતા પાર્ટીએ વધુ સાત ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. આ બધા જ ઉમેદવારો ગોરખપુરના છે. ભોજપુરી ફિલ્મ અભિનેતા રવિકિશનને યોગી આદિત્યનાથના ગઢ ગોરખપુરથી ટીકીટ અપાઈ છે.

**કોંગ્રેસીનેતા શશી થરૂર ઈજાગ્રસ્ત**

કોંગ્રેસ સાંસદ અને તિરુવનંતપુરમથી લોકસભાના ઉમેદવાર શશી થરૂર મંદિરમાં પૂજા કરતા સમયે ઘાયલ થઈ ગયા છે. થમપનૂરના ગાંધારી અમ્મન કોવિલ મંદિરમાં આ ઘટના ઘટી હતી. તેમના માથામાં અને પગમાં ઈજા થઈ છે. માથામાં છ ટાંકા આવ્યા છે.

**નિર્ભય મિસાઈલનું સફળ પરીક્ષણ**

ભારતે ૧ હજાર કી.મી. સુધી માર કરવાવાળી સ્વદેશી સબ સોનિક ક્રૂઝ મિસાઈલ નિર્ભયનું સફળ પરીક્ષણ કર્યુ છે. આ પરીક્ષણ ઓરીસ્સાના તટીય વિસ્તારમાં કરવામાં આવ્યુ હતુ. ટૂંક સમયમાં તેને સેનામાં સામેલ કરવામાં આવશે. ડીઆરડીઓએ તેને વિકસીત કરી છે.

**૨૦૦થી વધુ વૈજ્ઞાનિકે સમજી વિચારીને મત આપવા અપીલ કરી**

લોકસભા ચૂંટણીના શોરબકોર વચ્ચે દેશની ટોચની સંસ્થાનોના ૨૦૦થી વધુ વૈજ્ઞાનિકોએ લોકોને સમજી-વિચારીને મત આપવાની અપીલ કરી છે. વૈજ્ઞાનિકોએ જણાવ્યું છે કે, પોતાના વિરોધીઓને દેશદ્રોહ બનાવનારી અને સમાજના ભાગલા પાડનારી તાકાતોને મત આપશો નહીં.

# ‘ચોકીદાર ચોર હૈ’ના આક્ષેપ સામે રાહુલને સુપ્રીમની નોટિસ

**૨૨મી એપ્રિલ સુધી જવાબ આપવા માટે રાહુલને આદેશ : નવા દસ્તાવેજના આધાર પર રાફેલ ડિલ ઉપર ફેરવિચારણા અરજી સ્વીકાર કરવામાં આવ્યા બાદ રાહુલે કઠોર પ્રતિક્રિયા આપી હતી**

નવી દિલ્હી,તા. ૧૫

સમગ્ર દેશમાં ભારે ચર્ચા જગાવનાર રાફેલ ડીલ પર



ફેરવિચારણા અરજી સ્વીકાર કરવાના સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ આ ચુકાદાને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દોષિત છે તે રીતે રજૂ કરવા બદલ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી હવે મૂશ્કેલીમાં મુકાઈ ગયા છે. સુપ્રીમ કોર્ટે રાહુલ ગાંધીને નોટીસ ફટકારીને ૨૨મી એપ્રિલ સુધી જવાબ આપવા માટે આદેશ કર્યો છે. રાહુલ ગાંધીની સામે સુપ્રીમ કોર્ટના નિવેદનને ખોટી રીતે રજૂ કરવા બદલ કેસ કરવામાં આવ્યો હતો. રાહુલ ગાંધીએ ઉશ્કેરણીજનક નિવેદન કરીને વિવાદ છેડ્યો હતો. ભાજપના નેતા મિનાક્ષી લેખીએ કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીની સામે અપરાધિક કેસ દાખલ કરાવી દીધો હતો. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈના નેતૃત્વમાં બેંચે કહ્યું હતું કે, કોર્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે કોઈપણ પ્રકારની ટિપ્પણી કરી ન હતી. રાહુલ ગાંધી ઉપર સુપ્રીમ કોર્ટના નિવેદનને ખોટીરીતે રજૂ કરવાનો આક્ષેપ છે. કોર્ટે કહ્યું હતું કે, અમે આ સ્પષ્ટ કરીએ છીએ કે, રાહુલ ગાંધીએ આ કોર્ટના નામનો ઉલ્લેખ કરીને રાફેલ સોદાના સંદર્ભમાં મિડિયા અને પ્રજાને જે કંઈપણ કહ્યું હતું તેને ખોટીરીતે રજૂ કરવામાં આવ્યું હતું. અમે સ્પષ્ટ કરીએ છીએ કે, રાફેલ મામલામાં દસ્તાવેજોનો સ્વીકાર કરવા માટે તેમની કાયદેસરતા પર સુનાવણી કરતી વેળા આ પ્રકારની ટિપ્પણી કરવાનો સમય ક્યારે પણ આવ્યો ન હતો. લેખી તરફથી રજૂ થયેલા

● અનુસંધાન પાન-૭ પર

# ધાર્મિક આધાર પર મત માંગનારા નેતાઓ સામે સુપ્રીમની લાલઆંખ

**ચૂંટણી પંચની મર્યાદિત શક્તિને લઇને પણ નારાજગી વ્યક્ત કરી : સુપ્રમ કોર્ટમાં આજે હાજર રહેવા ચૂંટણી પંચના અધિકારીઓને સુપ્રીમ કોર્ટનો આદેશ : ધર્મ અને જાતિના આધાર પર મત માંગનારા સામે પગલાની સૂચના**

નવીદિલ્હી, તા. ૧૫

સુપ્રીમ કોર્ટે ચૂંટણી દરમિયાન પોતાની રેલીઓમાં ધાર્મિક આધાર પર મત માંગનાર નેતાઓ સામે કાર્યવાહી ન કરવા બદલ ચૂંટણી પંચની મર્યાદિત શક્તિઓને લઈને નારાજગી વ્યક્ત કરી છે. ધાર્મિક આધાર પર મત માંગનાર નેતાઓ સામે સુપ્રીમે લાલઆંખ કરીને ચૂંટણી પંચને કાર્યવાહી કરવા માટે સૂચના આપી છે. ચીફ જસ્ટિસના નેતૃત્વમાં બેંચે ચૂંટણી પંચના પ્રતિનિધિઓને આ મામલામાં આવતીકાલે કોર્ટમાં રજૂ થવા માટે પણ આદેશ કર્યો છે. સુપ્રીમ કોર્ટે એક અરજી પર સુનાવણી કરતી વેળા આ મુજબનો આદેશ કર્યો હતો. આ અરજીમાં એવા પક્ષોની સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી જેમના નેતા ધર્મ અને જાતિના આધાર પર ચૂંટણીમાં મત માંગી રહ્યા છે. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને એમ પણ કહ્યું હતું કે, માયાવતીએ પોતાના ધાર્મિક આધાર પર મત માંગવાવાળા નિવેદન બાદ નોટિસનો જવાબ આપ્યો નથી. આ સંદર્ભમાં ચૂંટણી પંચ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી છે. ચૂંટણી પંચે આ સંદર્ભમાં સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે, તેમની પાસે શક્તિઓ મર્યાદિત છે. સુપ્રીમ કોર્ટ આ મામલામાં આવતીકાલે ફરી સુનાવમી કરશે. ચૂંટણી પંચના અધિકારીઓને કોર્ટમાં ઉપસ્થિત રહેવા માટે કહેવામાં આવ્યું છે. બીજી બાજુ દેવબંધમાં સપા અને બસપાની રેલીમાં માયાવતીએ કહ્યું હતું કે, મુસ્લિમ મતદારોએ ભાવનાઓમાં જઈને તેમના મત વિભાજનની સ્થિતિ સર્જાય તેવા પ્રયાસ કરવા જોઈએ નહીં. આ નિવેદનને લઈને અનેક પાર્ટીઓએ નારાજગી વ્યક્ત કરી હતી. આ નિવેદનના જવાબમાં ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ બજરંગબલી અને અલીનો ઉલ્લેખ કરીને માયાવતી ઉપર પ્રહાર કર્યા હતા. યોગીની આ નિવેદન બાદ વ્યાપક ટિકા થઈ હતી.

# ભાજપ-કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખો ગુજરાતમાં

## ‘ન્યાય’ માટેના પૈસા ચોક્સી, નિરવ અને માલ્યા પાસેથી આવશે : રાહુલ ગાંધી

**મહુવામાં રાહુલ ગાંધીની જાહેર સભા : મોદીની જેમ દરેક ભારતીયોને ૧૫ લાખ રૂપિયા આપવા માટે વચનો આપતા નથી : સત્તામાં આવીશું તો દેવુ નહીં ચુકવનારા ખેડૂતોને જેલમાં નહીં જવું પડે**

અમદાવાદ,તા. ૧૫

કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ આજે ગુજરાતમાં ચૂંટણી પ્રચાર માટે રણશિંગુ ફંક્યું હતું. પાર્ટીની લઘુત્તમ આવક ગેરન્ટી યોજના ન્યાય માટે પૈસા ક્યાંથી આવશે તેવા થઈ રહેલા પ્રશ્નો અંગે જવાબ આપતા રાહુલે કહ્યું હતું કે, ન્યાય માટે પૈસા વિજય માલ્યા, નિરવ મોદી અને મેહુલ ચોકસી જેવા ફરાર લોકોના ખિસામાંથી આવશે. અહીં પોતાની પ્રથમ ચૂંટણી સભાને સંબોધતા કહ્યું હતું કે, તેઓ નરેન્દ્ર મોદીની જેમ એક ભારતીયને ૧૫ લાખ રૂપિયા આપવાના વચનો આપતા નથી. ન્યાય યોજનાના સંદર્ભમાં રાહુલે કહ્યું હતું કે, અમે સૌથી ગરીબ ૨૦ ટકા લોકોને ૬૦૦૦ રૂપિયા માસિક અથવા તો ૭૨ હજાર રૂપિયા વાર્ષિક આપવાની યોજના ધરાવીએ છીએ. ફરાર કારોબારીઓ પાસેથી રકમ એકત્રિત કરાશે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે ગુજરાતમાં લોકસભા ચૂંટણીને લઈ કોંગ્રેસના પ્રચારનું વિધિવત્ રણશિંગું ફુંકયુ હતું અને મહુવા ખાતેની વિશાળ જનસભાને સંબોધન દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ સરકારને આડા હાથે લીધા હતા. રાહુલે મોદી અને ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરવાની સાથે સાથે કોંગ્રેસ જો આ વખતે સત્તા પર આવી તો, ખેડૂતો, ગરીબો, બેરોજગારો અને મહિલાઓ માટે અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવાની જાહેરાતો કરી હતી. જેમાં સૌથી મહત્વની જાહેરાત કરતાં રાહુલ ગાંધીએ જણાવ્યું કે, જો કોંગ્રેસ સત્તામાં આવી તો, આઝાદ ભારતના ઈતિહાસમાં દેવુ નહી ચૂકવી શકનાર કોઈપણ ખેડૂતને કોંગ્રેસના શાસનમાં કયારેય જેલમાં નહી જવુ પડે. કોંગ્રેસ સત્તામાં આવશે તો, બે બજેટ રજૂ કરશે..એક દેશનું ઓવરઓલ બજેટ અને બીજું ખેડૂતો માટે વિશેષ બજેટ. જે રજૂ કરતાં પહેલાં ખેડૂતોની રજૂઆત સાંભળી તેઓને વિશ્વાસમાં લેવામાં આવશે.

## કોંગ્રેસી નેતા આતંકવાદીઓને છાવરતા નિવેદન કરે છે : અમિત શાહ

**અમિત શાહનું જુનાગઢ લોકસભા વિસ્તારમાં કોડીનાર ખાતે સંબોધન : રાહુલ ગાંધી ત્રાસવાદીઓની સાથે ઇલુ ઇલુ કરી રહ્યા છે : પાકિસ્તાન તરફથી ગોળી આવશે તો ભારત તરફથી તોપનો ગોળો જશે : અમિત શાહ**

અમદાવાદ,તા.૧૫

આજરોજ રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહનું જુનાગઢ લોકસભા વિસ્તારના કોડીનાર ખાતે યોજાયેલ જનસભામાં હજારોની સંખ્યામાં ઉપસ્થિત કાર્યકર્તા ભાઈ-બહેનોએ પુષ્પવર્ષા કરી અમિત શાહનું સ્વાગત અને અભિવાદન કર્યુ હતુ. ‘‘ભારત માતા કી જય’’ અને ‘‘વંદે માતરમના નાદથી સમગ્ર વાતાવરણ રાષ્ટ્રભક્તિમય બન્યુ હતુ. અમિત શાહનું અભિવાદન કરવા માટે નાગરિકો સ્વયંભૂ ઉમટી પડ્યા હતા. આ વિજય સંકલ્પ સભામાં ઉપસ્થિત વિશાળ જનમેદનીને સંબોધતા રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે જણાવ્યુ હતુ કે, દેશભરમાં ભ્રમણ કરતો-કરતો આજે હું સોમનાથની પવિત્ર ધરતી પર આવ્યો છું. યુગ યુગાંતરથી સોમનાથ જ્યોર્તિલિંગ મહાદેવના આશીર્વાદ આ વિસ્તારમાં અવિરતપણે વરસતા રહ્યા છે. મારી આસ્થાનું કેન્દ્રબિંદુ હંમેશા સોમનાથ જ્યોર્તિલિંગ મહાદેવ રહ્યું છે. મારા જેવા સોમનાથ મહાદેવના અનેક ભક્તોના જીવનમાં પ્રભુ સોમનાથે પ્રકાશ રેલાવ્યો છે અને એટલે જ હું ભગવાન સોમનાથ મહાદેવના ચરણોમાં વંદન કરી મારી વાતની શરૂઆત કરવા માંગુ છું. શાહે જણાવ્યુ હતુ કે, સમગ્ર એશિયામાં એકમાત્ર એશિયાઈ સિંહોનું રહેઠાણ સાસણ ગીર છે, તે આપણું ગૌરવ છે. અહીં સાવજ પણ મળે ને સાવજ જેવા માણસો પણ મળે. આવા ખરા સાવજોના ક્ષેત્રમાં આજે મને પ્રચંડ ઉર્જાની અનૂભુતિ થઈ રહી છે. જ્યારે જ્યારે આપણે આકાશમાં સોમનાથ જ્યોર્તિલિંગની ધ્વજા ફરકતી જોઈએ ત્યારે-ત્યારે એક જ વિચાર આવે કે, જો સરદાર વલ્લભભાઈ પટેલ ન હોત તો સોમનાથ મંદિર આજે પાકિસ્તાનમાં હોત. સરદાર સાહેબના સાતત્યપૂર્ણ પ્રયાસોના કારણે જુનાગઢ ભારતનો અભિન્ન હિસ્સો છે. ભારતના આઝાદ થયા બાદ જૂનાગઢ, હૈદરાબાદ અને કાશ્મીરના ક્ષેત્રમાં પ્રશ્નો ઊભા થયા હતા.